ગાંધીનગર સમાચાર

# રંગોલી ઈન્ટરનૅશનલ સ્કૂલનો યાદગાર ક્રિસમસ કાર્નિવલ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરની અગ્રગણ્ય શૈક્ષણિક સંસ્થા રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે નાતાલના તહેવાર નિમિત્તે પ્રતિવર્ષ ભવ્ય કાર્નિવલનું આયોજન કરવામાં આવે છે. આ કાર્નિવલમાં રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ઉપરાંત ગાંધીનગર જિલ્લાની તમામ રંગોલી પ્રિસ્કૂલનાં બાળકો અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે.

આ વખતના ક્રિસમસ કાર્નિવલમાં ૩૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ-વાલીઓ-આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. રંગોલી





ઈન્ટરનેશનલ સ્કૂલ અને રંગોલી પ્રિસ્કૂલ્સનાં વિવિધ સૅન્ટર્સના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા જ ઊભા કરવામાં આવેલા ૧૫ ફૂડ સ્ટોલ્સ અને ૧૫ ગેમ સ્ટોલ્સ આ કાર્નિવલનું વિશેષ આકર્ષણ રહ્યા હતા. શાળામાં વિદ્યાર્થીઓ માટે ચલાવવામાં આવતા ઍન્ટરપ્રેન્યરશીપ પ્રોગ્રામ અંતર્ગત ધોરણ-૫થી ૮ના ૩૨ વિદ્યાર્થીઓ દ્વારા આ સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા હતા. બાળકોએ આ માટે પ્રૉજેક્ટ ફાઈનાન્સ, રો મટીરિયલ પરચેઝ, પ્રિપેરેશન, પ્રમોશન, આવક-જાવકના હિસાબો વગેરેનો સંપૂર્ણ પ્રૉજેક્ટ રિપોર્ટ પણ શાળામાં જમા કરાવ્યો હતો.

આ ઉપરાંત બાળકો માટે ખાસ જમ્પીંક જૅક, બુક ફૅર અને પપેટ શોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. કાર્નિવલ અંતર્ગત નાનાં બાળકોની સાંતા પરેડ અને જીસસના જન્મ પર આધારિત નાટ્ય પ્રસ્તુત થયું હતું.

મુલાકાતીઓ માટે આ કાર્નિવલ યાદગાર બની રહ્યો હતો.

## ડાયરેક્ટ સે

મનુષ્ય ભલે
આખું વિશ્વ
પ્રાપ્ત કરી લે
પરંતુ જો તે
પોતાના આત્માને
નુકસાન પહોંચાડે તો
એ પ્રાપ્તિનો શું અર્થ ?

- ઈસુ

### શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ દ્વારા

# ખેલ મહાકુંભમાં વિજય બદલ વિદ્યાર્થીઓને બિરદાવાઈ



શ્રી અખિલ આંજણાં કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય સેક્ટર ૭ ગાંધીનગરને ખેલ મહાકુંભમાં તાલુકા તથા જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળા પારિતોષિક રૂા. ૨૫ હજાર તેમજ ૧,૫૦,૦૦૦નું ઈનામ પ્રાપ્ત થયું છે. તે માટે સંસ્થાના પ્રમુખ હરિભાઈ ચૌધરી, ઉપ પ્રમુખ શંકરભાઈ ચૌધરી, સેન્ધાભાઈ ચૌધરી તેમજ સંસ્થાના હોદ્દેદારોએ શાળાનાં આચાર્ય, કર્મચારીઓ અને માર્ગદર્શક લીલાબેન, વિનાક્ષીબેન, હેતલબેન તેમજ ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં જે બી સ્કૂલનો સિતારો ઝળહળ્યો



ગાંધીનગર, તા.

શાંતિકુંજ, હરિદ્વાર દ્વારા લેવામાં આવેલી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન સ્પર્ધામાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી મનન ગુણવંતભાઈ પ્રજાપતિએ સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. મનની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પણ કરવામાં આવી હતી.

આચાર્ય નીવાબેન પટેલે સમગ્ર શાળા પરિવાર વતી મનને આ સફળતા બદલ અભિનંદન પાઠવી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી.

# સાહિત્યસફર કાર્યક્રમ બુધવારે દલપત પઢિયાર કેન્દ્રિત રહેશે



ગાંધીનગર, તા. ૨૯

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા કલા નિર્દેશક સુભાષ ભટ્ટના સહયોગથી તારીખ પહેલી જાન્યુઆરી, ૨૦૨૦ને બુધવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે ગોવર્ધનસ્મૃતિ મંદિર સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઈમ્સ ઓફ ઈન્ડીયાની પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવિ, વિવેચક, સંત સાહિત્યના મરમી અને અભ્યાસી દલપત પઢિયારના ૭૧મા જન્મદિન પ્રસંગે 'શબ્દજયોતિ - સાહિત્યસફર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે કવિ દલપત પઢિયારને કવિતાના ભાવકો અને ચાહકો રૂબરૂ મળી જન્મદિનની શુભેચ્છાઓ પાઠવશે. ત્યારબાદ કવિ પોતાનાં જીવન-કવન વિશે વકતવ્ય આપશે. કાર્યક્રમના અંતમાં કવિના પરિવારજનો અને મિત્રોની ઉપસ્થિતિમાં કેક કાપીને જન્મદિની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે સાહિત્યકારો, કવિતાના ભાવકો અને ચાહકો ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક'શ્વેત'કરશે. આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નથી.

### શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાના ઍસઍસઍસ એકમ દ્વારા

# આપત્તિ વ્યવસ્થાપન અંગે મોક ડ્રીલનું આયોજન થયું



ગાંધીનગર, તા. ૨૯

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપનાના શતાબ્દી વર્ષની ઉજવણી અને રાષ્ટ્રીય સેવા યોજનાની સ્થાપનાના ૫૦ વર્ષના ભાગરૂપે વિશેષ આપત્તિ વ્યવસ્થાપનની મોક ડ્રીલનું આયોજન શાળાના વિદ્યાર્થીઓ અને રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો માટે કરવામાં આવ્યું હતું.

મુકત જીવન સંસ્થાના નિયામક હિતેશભાઈ પટેલે શાળા સલામતી અંતર્ગત વિદ્યાર્થીઓ માટે પ્રાયોગિક રૂપથી મોક ડ્રીલનું આયોજન કર્યું હતું અને શાળા કે મહાવિદ્યાલયમાં આગ, ગેસ સિલિન્ડરથી અકસ્માત અને ધરતીકંપના સમયે વિદ્યાર્થીઓ કેવી રીતે પોતાને સુરક્ષિત બાહર કાઢી શકે અને પોતાને તથા અન્ય લોકોને પણ સુરક્ષિત બહાર કાઢી શકે તેના માટે આ મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સુરક્ષિત ઉપકરણોનો પણ કેવી રીતે ઉપયોગ કરવામાં આવે છે તેનું નિદર્શન પણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક અજય સોલંકીએ આ ડ્રીલમાં બધાં જ સુરક્ષિત ઉપકરણો પહેરીને ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રાથમિક શાળાના પ્રાચાર્ય રાજેશભાઈ પટેલ અને રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક કરણ રાઠોડે કર્યું હતું. આભાર વિધિ નિસારહુસૈન પરમારે કરી હતી. સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ૨૦૨૦ નવ-વર્ષની અનોખી ગિફ્ટ અને શરૂઆત

# બાળકોને શીખવો - કેટલા વીસે સો?

જીવનનિર્વાહ સરસ રીતે કરવા માટે આર્થિક કુશળતા મહત્વની છે અને સુખદ આશ્ચર્યની વાત એ છે કે શાળાઓમાં પણ હવે આ વિષયની વિવિધ રમતો રમાડવામાં આવે છે. માતા-પિતા તરીકે, તમે પણ તમારા બાળકને મહત્વપૂર્ણ આર્થિક પાઠ ભણાવી શકો છો.

પ્રારંભિક ઉંમરે બાળકોને જીવનના આર્થિક તથ્યો શીખવવાનું સરળ છે, ભલે તે બજેટ, જમા અને ઉધારનું સંચાલન, બચત અને રોકાણ વિશે હોય. અગત્યનું એ છે કે માતા-પિતા રોજિંદા શીખવા યોગ્ય નાણાંને લગતી બાબતોમાં બાળકોને પણ ભાગીદાર બનાવે.ચાલો જાણીએ અમુક ટિંપ્સ જેથી તમે બાળકોને આર્થિક કુશળતા અને સમજદારી શીખવી શકો. તમારા બાલમંદિર જતાં બાળકને પિગી બેંકને અથવા ગલ્લાને વાપરતા શીખવો જ્યાં તે સિક્કા અને નોટો મૂકવાનું શરૂ કરે. તેઓ રંગ, કદ અને ડિઝાઈનના આધારે વિવિધ નોંટો અને સિક્કાઓને અલગ ગોઠવવાનું શરૂ કરશે. સિક્કા ગણવા, લાઈનસર ગોઠવવા, પાછા પિગ્ગી બેન્કમાં નાખવાની પ્રવૃતિ ઘણી રસપ્રદ રહશે.

તમે પૈસા બચાવવા ક્યારથી શરૂ કર્યા અને મનપસંદ ઢીંગલી અથવા વિડિઓ ગેમ ખરીદવા જેવા ચોક્કસ લક્ષ્યોને કેવી રીતે પ્રાપ્ત કરવામાં મદદ કરી તે વિશે તમારી વાર્તાઓ શેર કરો. પૈસા કેવી રીતે વધે છે તે સમજાવવા નંબરોનો ઉપયોગ કરો. ફક્ત પિગ્ગી બેંકમાં પૈસા રાખવા કરતાં ઍસઆઈપી (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) / રિકરિંગ ડિપોઝિટ / પીપીએફ/ ફિક્સ ડિપોજિટ એ સારા રોકાણ વિકલ્પો છે, તમે તેમને કહી શકો કે જો તેઓ રૂ. ૫૦૦ દર મહિને બચત કરીને ઍસઆઈપીમાં રોકાણ કરે તો જ્યારે પચાસ વર્ષના થાશે ત્યાં સુધીમાં કરોડપતિ બની જશો. તમારા ૧૦ વર્ષથી ઉપરના બાળકો માટે આવી ટિપ્સ આપીને બચત માટે પ્રેરિત કરી શકો. જો એમનું બચત ખાતું હોય તો બહુ જ સરસ અથવા તો તેમનું બેંકમાં ખાતું પણ ખોલાવીને શરૂઆત કરી શકો. આ રીતે તમે સમજાવી શકો છો કે કેવી રીતે નાની-નાની બચત મોટી મૂડી ભેગી કરવામાં સહાય રૂપ થાય છે.

જરૂરિયાત અને ઈચ્છા વચ્ચેના તફાવતની ચર્ચા કરો. આપ સમજાવી શકો છો કે જરૂરિયાતોમાં મૂળભૂત વસ્તુઓ શામેલ છે દા.ત. ખોરાક, આશ્રય, ભણતર અને કપડાં અને બાકી બધી ઈચ્છાઓમાં આવે જેમ કે મૂવી, પિઝા, હોટેલમાં વારે વારે જમણ, પ્રસંગ વગર મોંઘા કપડાં, ઘરે ઘણી ગેમ્સ હોવા છતાં નવી ગેમ્સ લેવાની, જરૂરિયાત વગરની વસ્તુઓ ખરીદવી વગેરે વગેરે.

ભાવિ ઉપયોગ માટે નાણાં બચાવવા માટે કહો. તમે તેમને વિડીયો ગેમ ખરીદવા અથવા રજાના દિવસોમાં હરવા-ફરવા જવા જેવી રુચિપ્રદ પ્રવૃતિ નક્કી કરીને તેમની પોકેટ મનીની બચત કરવાનું સૂચન કરી શકો છો. આ બચત દ્વારા તેમની વિવિધ પ્રવૃતિ માટે જોઈતા નાણાં તેઓ બચતમાથી કઈ રીતે એડજસ્ટ કરી શકે? એનું માર્ગદર્શન આપો. ૧૦ વર્ષથી નાની દીકરી માટે સરકારની "સુકન્યા સમૃદ્ધિ યોજના" અંતર્ગત ખાતું ખોલાવી તેમાં બચત કરીને એનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકાય.

બચત અને ખર્ચનો ટ્રેક કરો. તમારા બાળકને બચત અને ખર્ચનો હિસાબ પૂછો. તમે તેનો હિસાબ જાળવવા માટે નોટબુક આપી શકો છો અથવા તમારું સ્માર્ટ બાળક મોબાઈલ / લેપટોપમાં સ્પ્રેડશીટ/એક્સેલ પણ વાપરી શકે છે. તમારા બાળકને બે મહિનાના ખર્ચની તુલના કરવા પૂછો કે તે ક્યાં ઘટાડો કરી શકે છે.

ટૂંકમાં આ વખતે સાંતાક્લોસની જેમ મોજામાં ગિફ્ટ રાખીને ક્રિસમસની ઉજવણી તો આપે કરી હશે. આની સાથે-સાથે નવા કેલેન્ડર વર્ષમાં તમે તમારા બાળકને મની મેનેજમેન્ટની મૂળભૂત બાબતોને ત્રણ રીતે માર્ગદર્શન આપી શકો છો.

તમારું બાળક ખૂબ જ સ્માર્ટ, અવલોકનકાર અને સારો શીખનાર હોવાથી સૌ પ્રથમ બને એટલું વેહલુ પ્રારંભ કરો. બીજું, વય જૂથના આધારે બચતની પદ્ધતિનું ચયન કરીને શીખવો તથા તમારા વિચારને સમજાવવા માટે વાર્તાઓનો/એક્ટિવિટીનો ઉપયોગ કરો. ત્રીજું, આ એક શીખવાની પ્રક્રિયા છે જેથી તમારા બાળકને તે શીખવાનો અને તેની સાથે આગળ વધવા માટેનો પૂરતો સમય આપો.

**- એકતા પારેખ**

ચીફ મેનેજર, સ્ટેટ બેન્ક જ્ઞાનાર્જન અને વિકાસ સંસ્થાન, ગાંધીનગર

## જન્મદિને વધામણી




ખુશી ભરતકુમાર પ્રજાપતિ



પ્રત્યુષ તેજસકુમાર લેઉવા
મો. ૯૬૩૮૧ ૪૩૮૭૨



ધવલ તુષાર ધનેશ્વર
મો. ૯૪૨૬૪ ૫૯૨૬૬



હેમંત કે. પોપટ
સભ્ય, જલારામ સેવા સમાજ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# લાગણીનું એક ઉપવન ખીલવો, પછી મોહબ્બત આઠો જામ છે

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા તેના પૂર્વ પ્રમુખ અને ટ્રસ્ટી ભરત કવિ 'ઊર્મિલ'ને તેમના જ અંદાજમાં સ્મરણાંજલી અર્પણ કરવા માટે 'કાવ્યાંજલી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સભાના સભ્યો દ્વારા ભરત કવિ અંગે રચવામાં આવેલી અને ભરત કવિ દ્વારા રચિત કવિતાઓનું પઠન આ કાર્યક્ર અંતર્ગત કરવામાં આવ્યું હતું અને તેમનાં સંસ્મરણો પણ સૌ સભ્યોએ વાગોળ્યાં હતાં.

યુથ હૉસ્ટેલ, સૅક્ટર-૧૬, ગાંધીનગર ખાતે શનિવારે સાંજે આયોજિત આ કાર્યક્રમમાં વરિષ્ટ સાહિત્યકાર દોલત ભટ્ટ અને ભરત કવિના બે સુપુત્રો - કિશન અને દેવાંગ કવિ તથા સાહિત્યસભાના સભ્યો, ભરત કવિના સ્નેહીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભરતભાઈ માટે રચાયેલાં કાવ્યો-ભજન

- આ શહેર આખું સ્તબ્ધ છે ઘેરી ઉદાસીમાં !
  ને મૌન પણ પડઘાય છે ઘેરી ઉદાસીમાં !
  - ભાનુપ્રસાદ પુરાણી
- હે કવિ ભરતજી, સ્વર્ગે સિધાવ્યા રે, સદાય અમને સાંભરે હો જી
  દલડાં અમારાં કેમે કરી ના માને રે, સદાય અમને સાંભરે હો જી...
  - રમણલાલ ઍમ શ્રીમાળી
- એવું તો રેતીમાં કેવું વરસ્યા ભરતજી ?
  કે અમે વાંસવન વાવીને બેઠા?
  - સાહિલ
- ભીતરે ઢંઢોળે તે 'ઊર્મિલ' છે
  વહાલથી જે ભીંજવે તે 'ઊર્મિલ' છે
  - કલ્પેશ પટેલ
- હવે મહેફિલ-મુશાયરામાં ખોટ તમારી વર્તાય છે
  લીધી વિદાય તમે, ખોટ તમારી વર્તાય છે
  - સુમંતલાલ શાહ

## પ્રસંગસર



કુંતલ નિમાવત

knn786@gmail.com

કાર્યક્રમના પ્રારંભે તેની ભૂમિકા પ્રસ્તુત કરતાં સંસ્થાના પ્રમુખ નટવર હેડાઉએ જણાવ્યું હતું કે કવિ ભલે સદેહે નહીં, પરંતુ શબ્દદેહે આપણી વચ્ચે જીવે છે. એ અર્થમાં ભરતભાઈ આપણી સાથે જ છે ને એટલે એમને શ્રદ્ધાંજલી અર્પણ નથી કરવી, માત્ર યાદ કરવા છે ને એમની રચનાઓને પણ યાદ કરવી છે.

પૂર્વ પ્રમુખ ભાનુભાઈ પુરાણી દ્વારા ભરત કવિ સાથેનાં પોતાનાં સંસ્મરણો વાગોળતાં સંસ્થાની નોંધણી માટે ભરતભાઈ દ્વારા ઉઠાવવામાં આવેલી જહેમતને યાદ કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે 'ભરતભાઈ કવિ ઉપરાંત ઉમદા માનવી હતા, લાગણીના માણસ હતા.'

દેવાંગ કવિએ પોતાના પિતા ભરતભાઈની જીવન ઝરમર સભા સમક્ષ પ્રસ્તુત કરી હતી, જેમાં તેમના જન્મસ્થળથી માંડીને ગાંધીનગર અને વિદેશ સુધીની તેમની યાત્રાનો ચિતાર રજૂ થયો હતો. પોતાના સેવાભાવી પિતાની સેવાયાત્રા વર્ષો પહેલાં મચ્છુ ડેમ તૂટ્યો ત્યારે જ ચાલુ થઈ ગઈ હતી એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે 'આ હોનારત થઈ ત્યારે પણ પિતા ઘરબાર છોડીને સેવા માટે ચાલ્યા ગયા હતા.'

તેમણે ભરત કવિ લિખિત





ખ્યાત ગઝલ 'અરમાન જિંદગીનાં પૂરાં થાય તો ઘણું છે...'નું પઠન કર્યું હતું અને 'વૈષ્ણવજન તો તેને રે કહીએ..' ભજનનું મુખડું ગાઈ સૌનાં દિલ જીતી લીધાં હતાં.

સદ્‌ગતના નજીકના મિત્ર પ્રવીણ ગઢવીએ હળવા અંદાજમાં પોતાનાં સંસ્મરણો તાજાં કર્યાં હતાં અને જણાવ્યું હતું કે 'એમની કવિતામાં કાવ્ય હતું.' ભરત કવિ દ્વારા ડૉ. આંબેડકર માટે રચવામાં આવેલા કાવ્ય 'એ ભવ્ય હા સર્જક હતો...'નું પઠન તેમણે કર્યું હતું.

મનોજ શુક્લએ ભરત કવિને 'આપણી વિશેષતાને ઉઘાડી આપે એવા માણસ' ગણાવી ઉમેર્યું હતું કે 'એ પારકી ચક્કીના જાગતલ' માણસ હતા.

સાહિલ, સુમંતલાલ શાહ, ભાનુભાઈ પુરાણી, કલ્પેશ પટેલ દ્વારા ભરત કવિ અંગે સ્વરચિત કાવ્યોનું પઠન કરવામાં આવ્યું હતું. રમણલાલ શ્રીમાળીએ સ્વરચિત ભજનનું ગાન કર્યું હતું અને ઉમાબા સોલંકીએ ખ્યાત ભજન 'તું તારા દિલનો દીવો થાને...'નું ગાન કર્યું હતું. નટવર હેડાઉ અને દેવાંગભાઈએ ભરત કવિ રચિત 'જીવવું ના કાયરોનું કામ છે, જિંદગી ઝિંદાદિલીનું નામ છે...' અને 'લાગણીની કોઈ તો કુંપળ હશે, ઝંખનાઓનાં જ શું મૃગજળ હશે ?'નું પઠન કર્યું હતું.

સદ્‌ગતના પરિવાર તરફથી સદ્‌ગત દ્વારા રચિત પુસ્તક 'સરવાણી શબદની'ની ભેટ સૌને અર્પણ કરવામાં આવી હતી.

કાર્યક્રમનું રસવાહી શૈલીમાં સંચાલન ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ઉદ્‌ગાર 'ઊર્મિલ' માટે

- મા-બાપ જેવી હૂંફ બીજી કોઈ નથી, મા-બાપ સિવાય જિંદગીની પ્રગતિનો કોઈ ચાર્મ નથી રહેતો.
  - દેવાંગ કવિ
- જગત પણ સાંભળે છે 'આદિલ'
  જ્યારે કવિ નહીં, કવિનું મૌન બોલે છે.
  - નટવર હેડાઉ
- દલિતો પ્રતિ પણ મિત્રતા અને લાગણી રાખે એવા વિશિષ્ટ સર્જક ભરત કવિ હતા.
  - પ્રવીણ ગઢવી
- હૃદય અમારું એટલે જ ભીનું છે દોસ્તો,
  આંસુ બધાં અમારાં અંદર વહ્યાં છે.
  - મનોજ શુક્લ
- સર્જકોની ખોટ ક્યારેય પુરાતી નથી.
  - કલ્પેશ પટેલ